# એવરેસ્ટ નોર્થમાં ૨૩,૪૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચીને ગુજરાતનું ગૌરવ વધારતા ડૉ. વિમલકુમાર



ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં હૈદ્રાબાદની કંપની ટ્રાન્સકૅર ઍડવેન્ચર દ્વારા એવરેસ્ટ નોર્થ ફેસ રૂટનું આયોજન ૭ એપ્રિલથી ૨૮ મે, ૨૦૧૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું, જેમાં જુદાં-જુદાં રાજ્યોમાંથી ૬ વ્યક્તિઓને પસંદ કરવામાં આવ્યા હતા. આ ૬ વ્યક્તિઓની તબીબી સંભાળ માટે ગુજરાતના તેમજ અમદાવાદ શહેરમાં બાપુનગર ખાતે રહેતા ડૉ. વિમલ ડી. જયસ્વાલની પસંદગી કરવામાં આવી હતી. આ ઍક્સપીડિશનમાં ડૉ. વિમલના માથે મોટી જવાબદારી હતી : ૬ વ્યક્તિની ટીમને શારીરિક તકલીફ ઊભી ન થાય તેનું ધ્યાન રાખવાનું તેમજ પોતાના આરોગ્યને પણ સાચવવાનું.

ગાંધીનગર સાથેની મુલાકાતમાં ડૉ. વિમલે જણાવ્યું હતું કે એવરેસ્ટ નોર્થ રૂટમાં જે ૬ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી તેઓ હતા : સોહિલ શર્મા (આઈપીએસ, એસપી, કોલ્હાપુર), પ્રભાકરણ (આઈએફએસ, બેલારી, કર્ણાટક), રાધિકા (એએસપી, અલીદાબાદ, તેલંગણા), બાલનશીવ રામન (દુબઈ), અશોક મુન્ને (નાગપુર, મહારાષ્ટ્ર), ભદ્રાયુ (તેલંગણા). એવરેસ્ટ સર કરવા માટે સ્થાનિક વિસ્તારના વ્યક્તિને ગાઈડ તરીકે રાખવામાં આવ્યા હતા, સ્થાનિક લોકો શેરપા તરીકે ઓળખાય છે. આ વ્યક્તિઓ જે તે જગ્યાના જાણકાર હોય છે અને વાતાવરણ જોઈને એવરેસ્ટ પર ચઢાણ કરવું કે નહીં તે નક્કી કરતા હોય છે.

આ વિસ્તારમાં તાપમાન માઈનસ ૨૫ ડિગ્રી સુધી નીચું જાય છે અને હવામાં ઑક્સિજનનું પ્રમાણ બહુ ઓછું હોય છે. વળી, ખાવા-પીવાની પણ ઘણી તકલીફ હોય છે ને આટલી તકલીફો વચ્ચેય પીઠ પર વજન લઈને પહાડ ચડવાનો હોય છે. તમામ રૂટ ઉપર જીવનું જોખમ હોય છે કારણ કે ક્યારે વરસાદ થાય, ક્યારે બરફ વરસે, ભેખડો ધસી પડે એ કાંઈ નક્કી હોતું નથી. અત્યાર સુધી જે પણ ટીમો ગઈ છે તેમાં રહેલા ડૉક્ટર માત્ર ૧૭ હજાર ફૂટની હાઈટ સુધી જ પહોંચ્યા છે પરંતુ ડૉ. વિમલ ૨૩,૪૦૦ ફૂટ સુધી પહોંચનારા પ્રથમ ડૉક્ટર બન્યા છે, જે અમદાવાદ અને ગુજરાત માટે ગૌરવની વાત છે. અમદાવાદ ને ગુજરાતના સાહસપ્રેમીઓ તરફથી ડૉ. વિમલને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# ‘લવ કે ફંડે’થી ગાંધીનગરના હર્ષવર્ધન જોષીનું બૉલીવુડમાં આગમન

## એડવોકેટ બી.આર. શર્માના પુત્ર હર્ષવર્ધન નિર્માતા ફઈજ અનવરની ફિલ્મ “લવ કે ફંડે’થી બૉલીવુડમાં ડેબ્યુ કરશે : ૨૯મી જુલાઈએ ફિલ્મ રિલીઝ થશે : બૉલીવુડમાં ગાંધીનગરની વધુ એક યુવા પ્રતિભા ઝળકશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના યુવાનો હવે ગ્લેમરની દુનિયામાં પોતાનો પગદંડો જમાવી રહ્યા છે. હવે સે. ૧માં રહેતા હર્ષવર્ધન જોષી નિર્માતા ફઈજ અનવરની આગામી ફિલ્મ ‘લવ કે ફંડે’થી બૉલીવુડમાં એન્ટ્રી મારી રહ્યા છે. આ ફિલ્મ તા. ૨૯મી જુલાઈએ દેશભરમાં રિલીઝ થવા જઈ રહી છે.

શહેરના યુવાનો માટે વધુ આનંદદાયક સમાચાર છે કે ગાંધીનગરનો યુવાન હર્ષવર્ધન જોષી બૉલીવુડમાં પદાર્પણ કરવા જઈ રહ્યો છે. સે. ૧ના જાણીતા એડવોકેટ બી.આર. શર્માના પુત્ર હર્ષવર્ધન જોષીએ પોતે સિદ્ધાર્થ લૉ કોલેજમાંથી એલએલબી કર્યું છે. આ અગાઉ તેમણે એલડી આર્ટસ કોલેજમાંથી રાજ્યશાસ્ત્ર સાથે ગ્રેજ્યુએશન કર્યુ હતુ. અને તેમનો શાળાકીય અભ્યાસ સે. ૨૩ની ગુરૂકુળ સ્કૂલમાં થયો હતો. તેમના માતા અમદાવાદની મ્યુનિસિપલ પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. હર્ષવર્ધન જોષી ૨૦૧૨થી મુંબઈના થીયેટર્સમાં ડ્રામા સાથે સંકળાયેલા છે. આમ તો શાળાકીય અભ્યાસ દરમ્યાન જ તેઓ નાનપણથી અભિનય પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોવાથી શાળાના નાટકો વગેરેમાં ભાગ લેતા હતા. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓએ મુંબઈ ખાતે યુ-ટ્યુબની “દેશી બાંબુ” ચેનલ માટે



ગણી બધી શોર્ટ ફિલ્મોમાં કામ કર્યુ હતુ. મુંબઈમાં થીયેટર કરતા હતા ત્યારે તેમની મુલાકાત “લવ કે ફંડે’ના ડાયરેક્ટર ઈન્દરવેશ યોગી સાથે મુલાકાત થઈ હતી અને તેમણે ફિલ્મમાં નિખિલના પાત્ર માટે તેમની પસંદગી કરી હતી.

ફિલ્મ ‘લવ કે ફંડે’માં હર્ષવર્ધનનું પાત્ર નિખિલ એક એવા યુવાનનું પાત્ર છે જે લીવ-ઈન રીલેશનશીપમાં રહે છે. પરંતુ પોતાના પાર્ટનરસાથે લગ્ન કરવા નથી માંગતો. તેમના કો-સ્ટાર સૂફી ગુલાટીએ તેમના લીવ-ઈન પાર્ટનર રિયાનું પાત્ર ભજવ્યુ છે. ઘણી બધી શોર્ટ ફિલ્મમાં કામ કરી ચૂકેલા હર્ષવર્ધનને કેમેરા ફેસ કરવાનો અનુભવ હોવાથી ઈન્દરવેશ યોગીએ આ ફિલ્મ માટે તેમની પસંદગી કરી છે. હર્ષવર્ધન મહાન અભિનેતા સંજીવકુમારને પોતાના આદર્શ માને છે અને અત્યારના સ્ટાર્સમાં તેમના ફેવરિટ રણબીર કપૂર છે. લવ કે ફંડેના નિર્માતા ફઈજ અનવર તેમના કામથી એટલા ખુશ છે કે તેમની વધુ એક ફિલ્મ “ઈશ્ક દા ખૂંટા”માટે પણ તેમણે હર્ષવર્ધન જોષીને સાઈન કરી લીધા છે. આમ આગામી દિવસોમાં ગાંધીનગરના યુવાન હર્ષવર્ધન રૂપેરી પડદે ધૂમ મચાવશે સાથે સાથે નગરના યુવાનોને પણ બૉલીવુડમાં નસીબ અજમાવવા પ્રેરિત કરશે.

## શ્રી તેજાનંદ ધામ કલોલ દ્વારા બેઠક યોજાશે

શ્રી તેજાનંદ ધામ કલોલ દ્વારા ૨૪મીને રવિવારના રોજ બપોરના ૩ કલાકે રંગમંચ, સે-૧૩ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૫મી ડિસેમ્બર-૨૦૧૬ના રોજ યોજાનાર ગુરૂબ્રાહ્મણ સમાજના ૧૦૦૮ બટુકોને જનોઈ આપવાના એક ભવ્ય કાર્યક્રમ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેજાનંદ ધામ કલોલના સ્પાથકો જગદીશભાઈ શ્રીમાળી, મધુસુદન શ્રીમાળી તથા ગીરીશભાઈ પંડ્યા, ભાનુભાઈ દવે, અમૃતલાલ શ્રીમાળી હાજર રહેશે.

## જીઆઈડીસી યુનિયનના હોદેદારોની વરણી

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના યુનિયનની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી બાદ સોળ હોદેદારોની નિમણુંક વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવી છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની (જીઆઈડીસી) વડી કચેરી, ઉદ્યોગ ભવન ખાતે આવેલ છે. જેમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના કર્મચારીઓનું યુનીયન કાર્યરત છે, જેમાં જીઆઈડીસી એમ્પ્લોઈઝ યુનીયનની વર્ષ ૨૦૧૬-૧૭ના હોદ્દદારો નિયુક્ત કરવા માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં ૧૬ ઉમેદવારો ચૂંટણી કાર્ય પદ્ધતિ દ્વારા નિગમના મુખ્ય ચૂંટણી અધિકારી ડી.આર. પરમાર દ્વારા સર્વ અનિલ ખુમાણ, ઝીલુભા પરમાર, કમલેશભાઈ પરમાર, મોહનભાઈ દેસાઈ, જી.એસ. વાઘેલા, આઈ.એસ. વણઝારા, જયંતિભાઈ બી. પંડ્યા, વિક્રમભાઈ બલાત, વિપુલભાઈ ભાવસાર, મનીષ પરમાર, સુનીલભાઈ દવે, વસંતભાઈ કે. વણકર, મહેન્દ્રભાઈ શ્રીમાળી, રમેશચંદ્ર દવે, પ્રવિણકુમાર પટેલ અને રજનીભાઈ પટેલ વિજેતા ઘોષિત કરાયા છે.



## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાયું

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ ખાતે તા. ૧૯-૭-૨૦૧૬ના રોજ ગુરૂપૂર્ણિમાના પર્વની વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓએ ગુરૂવંદના અને તિલક લગાવીને કરી હતી. વિદ્યાર્થીઓએ પૂરજોશથી ગુરુની મહત્તા પર કવિતા, ભજન અને પ્રવચન આપ્યા હતા. જેમાં એક તેજસ્વી વિદ્યાર્થીનીએ શાળાના ગુરુજીઓના ઉત્તમ રેખાચિત્ર બનાવીને એમને ભેટ સ્વરૂપે આપ્યા હતા. કાર્યક્રમના અંતમાં બધા ગુરુઓએ વિદ્યાર્થીઓને સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા.

# રાષ્ટ્રભાષા કોલેજ દ્વારા સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કરાયું



ગાંધીનગર, તા.૨૨

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજના એન.એસ.એસ.વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા દત્તક લીધેલા નારણપુરાના ગોપાલનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષનું જતન થાય અને વૃક્ષ પ્રાણીઓ ન ખાય તે માટે પાંજરાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી તેમજ આજુબાજુના વિસ્તારમાં જયાં વૃક્ષ મોટા થઈ ગયા હતા તેવા પાંજરા કાઢીને અહીં લગાવ્યા હતા. આ મહેનતવાળુ કામ પણ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી કર્યું હતું. આમ પાંજરાનો સદઉપયોગ કરી સમાજને એક મેસેજ પણ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ૫૦થી વધુ વૃક્ષોના રોપા વાવ્યા હતા અને ગોપાલનગર વિસ્તારના રહેવાસીઓએ તેને ઉછેરવાની ખાત્રી પણ આપી હતી.

આ ઉપરાંત ચોમાસાજન્ય રોગોથી બચવા માટે આ વિસ્તારના ઝુંપડપટ્ટીના રહેવાસીઓને ગંદકી અને બિમારી વચ્ચે રહેલ સંબંધ અંગે વ્યવસ્થિત સમજ આપી હતી. વસાહતીઓએ ગંદકી નહિ કરે તથા થયેલ ગંદકીને દુર કરશે એવો વિશ્વાસ અપાવ્યો હતો અને ખરેખર વસાહતીઓએ ગંદકી સાફ કરવાની કામગીરી પણ શરૂ કરી દીધી હતી. આમ આ વિસ્તારના વસાહતીઓમાં સ્વચ્છતા અંગે સમજ કેળવવામાં રાષ્ટ્રભાષા કોલેજના વિદ્યાર્થીઓ સફળ થયા હતા. સમગ્ર કાર્યક્રમ અંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાગીરથી ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચિલોડા બસ સ્ટેન્ડના નવીનીકરણનું કામ આરંભાયુ

## શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ બને તેવુ આયોજન, વિદ્યાર્થીઓની એસ.ટી. પાસની સમસ્યા હલ થશે, વર્ષો જુની માંગ સંતોષાતા મુસાફરોમાં આનંદ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના પડોશી એવા ચિલોડામાં એસ.ટી. બસ સ્ટેન્ડ જર્જરીત થઈ વર્ષોથી બંધ હાલતમાં હતુ. જે અંગે ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રકાશિત કરી આ બસસ્ટેન્ડ લોકપયોગી બને તેવા અખબારી પ્રયાસ કરાયો હતો. જેના ફળ સ્વરૂપ હાલ આ બસ સ્ટેન્ડનું નવીનીકરણ હાથ ધરાયું છે. ચોતરફથી આવતા મુસાફરો માટે એસ.ટી. અંગેની મુંઝવણો રહેતી હતી. જે આ બસ સ્ટેન્ડ શરૂ થતાં રાહત ઉભી થશે. શ્રેષ્ઠ સુવિધા અને સગવડો સાથે બનાવવામાં આવી રહેલા આ બસ સ્ટેન્ડથી વિદ્યાર્થીઓને એસ.ટી. પાસ મેળવવો સરળ બની જશે. વર્ષો જુની આ માંગ સંતોષાતા મુસાફરોમાં આનંદ ફેલાયો છે.

ચિલોડામાં દૈનિક અસંખ્ય મુસાફરોની આવન-જાવન રહે છે. વધુમાં અમદાવાદ, ગાંધીનગર, દહેગામ અને



હિંમતનગર એમ ચારેય દિશા તરફ જવા ચિલોડા શ્રેષ્ઠ સ્થળ ગણાઈ રહ્યું છે. એસ.ટી. વિભાગ દ્વારા ચિલોડા સર્કલ નજીક એસ.ટી. બસ સ્ટેન્ડ બનાવાયું છે પરંતુ અસુવિધાઓ અને કર્મચારીઓની સતત ગેરહાજરીથી આ સ્ટેન્ડ નિર્જન અને જર્જરીત બની ગયું હતું. મુસાફરોની સમસ્યાઓ અને બસ સ્ટેન્ડ ચાલુ કરવાની માંગને ગાંધીનગર સમાચારે સમાચાર સ્વરૂપે પ્રકાશિત કરી વાચા આપી હતી. જેના પરિણામ સ્વરૂપ તાજેતરમાં આ બસ સ્ટેન્ડનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂપિયા ચાર લાખના ખર્ચે બની રહેલા આ બસ સ્ટેન્ડમાં ગ્રેનાઈટ, વિટ્રીફાઈડ, બાંકડા તથા એલ્યુમીનીયમ સેક્શન સહિતનો ઉપયોગ કરી સુવિધાસભર બનાવવાનું હોવાનું કોન્ટ્રાક્ટરે જણાવ્યું છે. આ બસ સ્ટેન્ડમાં કંન્ટ્રોલ ઓફિસ, વિદ્યાર્થીઓ માટે પાસ અને પ્રવાસી પાસ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. બસ સ્ટેન્ડની અંદર મુસાફરો માટે બેઠક વ્યવસ્થા સાથે બસ સ્ટેન્ડની આગળ હદ સુધી પેવર બ્લોક નાંખવાના છે. રંગ રોગાન સાથે આકર્ષક એસ.ટી. બસ સ્ટેન્ડ ચિલોડાની ઓળખ બનશે. જુનામાં જુના આ બસસ્ટેન્ડને લોકપયોગી બનાવવાના તંત્રના પ્રયાસને મુસાફરોએ આવકાર્યુ છે. ૧૫ દિવસમાં રીનોવેશન કામગીરી પુર્ણ કરી તંત્રને સોંપવા કોન્ટ્રાક્ટ દ્વારા તનતોડ પ્રયાસો હાથ ધરાયા છે. બસસ્ટેન્ડમાં લાઈટ, પાણી સાથે શૌચાલય પણ બનાવાય તેવી માંગ મુસાફરોએ કરી છે. જે અંગે તંત્ર યોગ્ય કાર્યવાહી હાથ ધરશે તેવી અપેક્ષા રખાઈ છે.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ

ગાંધીનગર, તા.૨૨

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરમાં વસતા ૧૩૫, ૫૨ અને ૧૩ ગામ પરગણાના પાટણવાડા વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ના વર્ષ દરમિયાન ઉચ્ચ ટકાવારી મેળવેલ હોય તેવા ધોરણ-૧૦, ધો-૧૨, સ્નાતક, અનુસ્નાતક તથા ડોકટર, એન્જીનીયર, ફાર્મસી કક્ષાએ પાસ થયેલા હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ આપવાનું આયોજન કરાયુ છે. આ અંગેન નિયત ફોર્મ ટ્રસ્ટના હોદ્દેદારો તેમજ સેકટરના પ્રતિનિધિ પાસેથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી તા. ૩૧મી જુલાઈ સુધીમાં ફોર્મ જમા કરવા મેનેજીંગ ટ્રસ્ટી વિજય સોલંકીએ જણાવ્યું છે.

## દશેલામાં કુદરતી ઉપચાર સારવાર કેમ્પ યોજાયો



ચિલોડા, તા.૨૨

દશેલાના મહાકાળી માતાના મંદિર ખાતે ગુરુવારના રોજ નીમા ફાઉન્ડેશન અનો દશેલા યુવક મંડળના સંયુકત ઉપક્રમે કુદરતી ઉપચાર સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં નટુભાઈ પટેલના સહયોગથી સાંધાના દુ:ખાવાના દર્દીઓના લાભાર્થે કુદરતી ઉપચાર દ્વારા ઢીંચણનો દુ:ખાવો, ગળાનો સર્વાઈકલનો દુ:ખાવો, કમરનો દુ:ખાવો, પગની એડીનો દુ:ખાવો સહિતના જટિલ રોગો માટે ઉપચાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કુદરતી ઉપચાર સારવારમાં ગામની મહિલાઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## જાતિવાદના ઝેરને... ● પહેલા પાનાનું ચાલુ

રાજનીતિ અને જાતિવાદની રાજનીતિ ખુબ થઈ ચુકી છે. પોતાના લોકોની રમત ખુબ થઈ ચુકી છે. મતદારોએ તમામને ટેકો અને સમર્થન આપ્યું હતુ પરંતુ યુવાનો, ખેડૂતોનું હજુ ભલુ થયું નથી. મોદીએ કહ્યું હતું કે, હવે એવો સમય આવી ગયો છે જેમાં જાતિવાદ અને પરિવારવાદને ઝેર ખતમ કરવાની જરૂર છે. વિકાસની રાજનીતિ લોકોને આગળ લઈ જશે. દિલ્હીમાં જે રીતે દોડનાર સરકાર છે તેવી સરકાર ઉત્તરપ્રદેશમાં પણ બનવી જોઈએ. તેમની સરકારના પ્રયાસ યુરિયા ઉત્પાદનની એક એવી નીતિ બનાવવાની છે જેનાથી વિદેશથી યુરિયા લાવવાની જરૂર પડશે નહીં. મોદીએ મોંઘવારીની પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, મોંઘવારીના નામ ઉપર બુમો પાડી રહેલા હરીફોને આ વાતની ખબર નથી કે, મોંઘવારીને કાબૂમાં લેવા માટે કેટલી હદ સુધી પગલા લેવામાં આવ્યા છે. તેમની સરકારે દેશમાં પ્રથમ વખત ખાતરના ભાવમાં ઘટાડો કરવામાં સફળતા મેળવી છે. દેશમાં મોંઘવારીની ચર્ચા થતી રહે છે. જો દેશમાં ટામેટા શાકભાજીના ભાવ વધી ગયા છે તો ૨૪ કલાક સરકારની ટિકા કરનાર લોકો મેદાનમાં આવી જાય છે પરંતુ મહત્વપૂર્ણ નિર્ણયો અને કિંમતો ઘટાડવામાં આવે છે ત્યારે વિરોધીઓ વાતને છુપાવી લેશે. મોદીએ ખાતર કારખાના અને એમ્સની ભેંટ ગોરખપુરને આજે આપી હતી. મોદીએ વર્ષોથી બંધ પડેલા ખાતર કારખાનાની શરૂઆત કરાવી હતી. ગોરખપુરની રેલીમાં મોદીએ કેબિનેટ અને રાજ્યની રાજનીતિના મોટા ચહેરાઓની પ્રશંસા કરી હતી. અહીં કેબિનેટ પ્રધાન કાલરાજ મિશ્રા, ગોરખપુરના સાંસદ યોગી આદિત્યનાથ, રાજ્ય ભાજપના વડા કેશવપ્રસાદ મોર્ય ઉપસ્થિત રહ્યા હતા. વિરોધીઓની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ પોતાની પ્રશંસા કરતા કહ્યું હતું કે જ્યારે લોકો તેમને પુછે છે કે, તમે ઉંઘો છો ક્યારે ત્યારે હુ જવાબ આપું છે કે, એવા મજબૂત સાંસદો પણ લોકો દ્વારા મોકલવામાં આવ્યા છે જે સાંસદો લોકોના સવાલ પુછવામાં તેમની સામે પણ પ્રશ્નો ઉઠાવે છે. ભારતના વિકાસ માટે બે તરફી વિકાસની જરૂર છે. છેલ્લા બે વર્ષથી એક પણ મુખ્યમંત્રીએ યુરિયાની જરૂરિયાતના સંદર્ભમાં તેમને પત્રો લખ્યા નથી. જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે આના માટે પત્રો લખતા હતા. ખેડૂતોને તેમની પેદાશો માટે યોગ્ય ભાવ મળવા જોઈએ. ગોરખપુરમાં એમ્સની રચના પણ કરવામાં આવનાર છે. એક હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે આનું નિર્માણ થશે.

## દલિત વિરોધી... ● પહેલા પાનાનું ચાલુ

સામે લડત ચલાવવી જોઈએ. આત્મહત્યા કરવાના પ્રયાસો કરવા જોઈએ નહી. રાજકોટથી કેજરીવાલ મોડેથી ઉનાના સમઢીયાલા ગામમાં પહોંચ્યા હતા. જ્યાં ભોગ બનેલા લોકોના પરિવારની સાથે વાત કરી હતી. કેજરીવાલે સરકારે પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે પોલીસ મૌન કેમ છે. સરકારના ઈશારે કામ કરે છે. રાજુલામાં પણ આવ્યુ બન્યુ હતુ. ગુજરાતમાં દલિતો પર અત્યાચાર થઈ રહ્યા છે અને કાર્યવાહી કરવામાં આવી રહી નથી. કેજરીવાલે કહ્યુ હતુ કે દોષિતોને કઠોર સજા કરવાની જરૂર છે. કેજરીવાલે રાજકોટ સિવિલ હોસ્પિટલામાં ઉનાના સમઢિયાલામાં પીડિતોના મારના નિશાન જોયા હતા. વિડિયો જોઈને તેમના પર ગુજારવામાં આવેલા અત્યાચારથી વ્યથિત થયા હતા. બીજી બાજુ દલિતો પર હુમલાના વિરોધમાં રાજનિતી જોરદાર રીતે વધી રહી છે. ગઈકાલે ગુરૂવારના દિવસે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પણ પહોંચ્યા હતા. ઉનામાં દલિતો પર અત્યાચરની ઘટનાના પડઘા હજુ પણ શાંત થયા નથી. આજે પણ વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. ગઈકાલે મહેસાણા હાઈવે પર કડી-કલોલ નજીક ત્રણ એસટી બસને આગ ચાંપી દેવામાં આવી હતી. ૧૧મી જુલાઈ બાદથી દેખાવોનો દોર ચાલી રહ્યો છે. હજુ સુધી ૧૬ લોકોની ધરપકડ કરાઈ છે. ચાર પોલીસ જવાનોને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે. દલિતો પર અત્યાચારના વિરોધમાં ગઈકાલે બુધવારના દિવસે ગુજરાત બંધના ભાગરૂપે અમદાવાદમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. જેના લીધે જુદા જુદા વિસ્તારોમાં બસના કાચ તોડવામાં આવ્યા હતા. બસમાં તોડફોડ કરવામાં આવી હતી.

## એરફોર્સનું વિમાન... ● પહેલા પાનાનું ચાલુ

નથી. શોધખોળ કામગીરીમાં એક સબમરીનની મદદ પણ લેવામાં આવી રહી છે. આમા એક સબમરિન ઉપરાંત આઠ વિમાનો, ૧૩ જહાજોની મદદ લેવામાં આવી રહી છે. તંબારામ એરબેઝથી ઉંડાણ ભર્યા બાદ ૧૮ મિનિટ પછી જ આ વિમાન લાપત્તા થઈ ગયું હતું. સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે આજે સાંજે કહ્યું હતું કે, વિમાન હજુ લાપત્તા છે. તમામ પ્રયાસો શોધખોળના ચાલી રહ્યા છે. આ વિમાનમાં છ ક્રૂ મેમ્બર, બે પાયલોટ અને એકનેવિગેટર છે. ઉપરાંત એક ઓફિસર, આર્મીના બે અધિકારી, કોસ્ટ ગાર્ડના એક અધિકારી અને નેવીના નવ અધિકારી છે. આ વિમાન રુટિન કુરિયર સર્વિસ ઉપર હતું. સવારે ૮.૩૦ વાગે આ વિમાને ઉંડાણ ભરી હતી. ૨૩૦૦૦ ફૂટની ઉંચાઈ વિમાન હતી ત્યારે સંપર્ક તુટી ગયો હતો. નેવીએ બે ડોર્નિયર વિમાનોની સેવા પણ શોધખોળ માટે લીધી છે.